

માનીતા માટે મનસ્વી ગોટાળા

ઉચ્છલમાં એફઆરએનાં ટેન્ડર વગરનાં કામો ઝડપથી કરાવ્યા બાદ પેમેન્ટની પણ ખુબજ ઝડપી કાર્યવાહી

એકેય ગ્રામ પંચાયત પાસે બોરવેલ મશીનરી ઉપલબ્ધ નથી, જો કામો કરવા મશીનરી ઉપલબ્ધ ન હોય તો તે કામ ટેન્ડર વિના કરી શકાય નહીં, છતાં પુર્ણ કરી દેવાયા

ટીએસપીનાં કામો ટેન્ડર વિના નહીં કરવાની સ્પષ્ટ સુચના, વહિવટીમાં સ્પષ્ટ ઉલ્લેખ છતાં પાલન કરાયુ નથી

ટીડીઓનું કોન્ટ્રાક્ટરને કામગીરીની જાહેરાત, ભાવપત્રો, ઇ.એમ.ડી. સિક્યુરીટી ડીપોઝીટ, ટેન્ડર ફી, કરાર વિગેરે વહીવટીય પ્રક્રિયામાંથી મુકતી આપી ગ્રામપંચાયત પાસે કામો કરાવ્યાનું નાટક

ટેન્ડર પ્રક્રિયા વિના ૫૫ લાખના એકજ કામનું ગ્રામ પંચાયતોના નામે ચૂકવણાંની ગતિવિધીથી વિવાદ

વ્યારા: ઉચ્છલમાં એફઆરએનાં ટેન્ડર વગરનાં ઉતાવળિયે થયેલા કામોનાં પેમેન્ટ બાબતે પણ ખુબજ ઝડપી કાર્યવાહી થતા સમગ્ર મામલો વિવાદમાં આવ્યો છે. ટીએસપીનાં એફઆરએનાં બોરવેલનાં વિવાદાસ્પદ કામોમાં ગ્રામ પંચાયતનાં નામે માનીતા કોન્ટ્રાક્ટરને વગર ટેન્ડરે કામો ફાળવવા વહિવટી આદેશનાં મનસ્વી ગોટાળા થયા છે. નિયમ મુજબ ટેન્ડર પ્રક્રિયા કરવાની હતી પરંતુ માનીતા કોન્ટ્રાક્ટરને ટેન્ડર પ્રક્રિયા કર્યા વિના જ લાખો રૂપિયાનો ફાયદો કરાવી આપવામાં આવ્યો છે. ટેન્ડર પ્રક્રિયા વિના ટીડીઓએ ૫૫,૫૦,૦૦૦ની એકજ વહિવટીનું ગ્રામપંચાયતનાં નામે ચુકવણું કરવાની ગતિવિધીથી વિવાદ સર્જાયો છે. અહીં ટીડીઓએ કોન્ટ્રાક્ટરને કામગીરીની જાહેરાત, ભાવપત્રો, ઇ.એમ.ડી. સિક્યુરીટી ડીપોઝીટ, ટેન્ડર ફી, કરાર વિગેરે વહીવટીય પ્રક્રિયામાંથી મુકતી આપી ગ્રામપંચાયત પાસે કામો કરાવ્યાનું નાટક ભજવ્યુ છે. જો બોરવેલનાં કામો ટેન્ડરથી કરાવ્યા હોત તો પ્રતિસ્પર્ધી એજન્સીઓ ઓછા કામે બોરવેલનાં કામો કરવા તૈયાર થઈ ગઈ હોત, સરકારને પણ લાખોનો ફાયદો થાત પરંતું કામો ફાળવણીનાં તમામ નિયમો તાગ પર મુકી સરકારને ફાયદો કરાવવાને બદલે ગ્રામ પંચાયતનાં નામે માનીતી એજન્સી કે કોન્ટ્રાક્ટરને સીધો ફાયદો કરાવ્યો છે.

પ્રાયોજનાં વહિવટદાર કચેરીએથી ટેન્ડર કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ છતાં ટીડીઓને અમલીકરણ બનાવ્યા હોય પોતે ટેન્ડરથી કામ લેવાને બદલે જાણે ગ્રામ પંચાયત અમલીકરણ હોય તેમ એફઆરએનાં કામો વગર ટેન્ડરે કરાવી દીધા છે, સામાન્યતઃ ગ્રામ પંચાયત પાસે જે કામો કરવાની મશીનરી ઉપલબ્ધ હોય તેજ કામો અને તે પણ પાંચ લાખની મર્યાદામાં કરવાની સત્તા છે છતાં કાગળનાં પાને પાંચ લાખથી વધુનાં કામો કરાવી લીધા છે. જોકે, પ્રાયોજના વહિવટદાર કચેરીએથી એકજ કામની ૫૦ લાખથી વધુની વહિવટી હોવા છતાં ટીડીઓ કક્ષાએથી ગ્રામ પંચાયતને ટીએસપીનાં બોરવેલનાં કામો ફાળવી તેનાં નાંણા પણ લગભગ સંપુર્ણ પણે ચુકવવાનાં આરે છે. ત્યારે મહત્વનો પ્રશ્ન તો એ ઉદ્દભવે છે કે એકેય ગ્રામ પંચાયત પાસે બોરવેલની મશીનરી ઉપલબ્ધ નથી, આવામાં જો પોતાની પાસે બોરવેલનાં કામો કરવા મશીનરી ઉપલબ્ધ ન હોય તો તે કામ ટેન્ડર વિના કોઇ પણ સંજોગે કરી શકાય નહીં. છતાં પુર્ણ કરી દેવાયા છે. ટીએસપીનાં કોઇ પણ કામો ટેન્ડર વિના નહીં કરવાની સ્પષ્ટ સુચના, પ્રાયોજના વહિવટદાર પણ પોતાની વહિવટીમાં સ્પષ્ટ ઉલ્લેખ કરી રહ્યા છે છતાં તેનું કોઇ પાલન કરાતુ નથી. આ મામલે પ્રાયોજના વહિવટદારે પણ કોઇ એજન્સી પાસે આ અંગેનો ખુલાસો મેળવ્યાનું સામે આવ્યુ નથી.

મહત્વની વાત તો એ છે કે, કોઈપણ ડીપાર્ટમેન્ટમાં કોઈ કોન્ટ્રક્ટર હોય એ કોઈ કામનું બીલ લઈને જાય તો જે તે વિભાગમાં ક્લીયર કરાવતા મહિનાઓ નીકળી જાય પણ અહીં બીલો ગણતરીના દિવસોમાં જ ક્લીયર થઇ રહ્યા છે. એ પણ એવા સમય કે જ્યારે ટેન્ડરને લઈ વિવાદ ઉભો થયો છે. આવા સમયગાળામાં ખુબ ઝડપથી ૫૦ લાખથી વધુની રકમના બિલો ચુકવાય રહ્યા છે. માનીતા ટીડીઓ કે એસઓને અનેક જગ્યાએ પોસ્ટીંગ અપાય રહ્યુ છે. તાજેતરમાં ઉચ્છલમાં ટેન્ડર વગરનાં એફઆરએનાં કામોમાં સહભાગી થયેલ એસઓને સોનગઢ મુકવામાં આવ્યો, તે આ વાતને સમર્થન પુરૂ પાડે છે. જેમાં ટોચનાં નેતાઓની વાતમાં ખોટું કરવામાં જે અધિકારીઓ સંમત ના થાય એવા લોકોને સાઈડમાં મુકવાની ચિમકી પણ અપાઇ છે. તો એક તપાસ સમિતિ બનાવી આ તમામ કામોની તપાસ થવી જોઈએ. જ્યારે ૫૦ લાખથી વધુનું બીલ ચુકવવાનું હોય તો અમુક રકમથી વધારેનું બીલ થાય તો પ્રાયોજનાને પણ સત્તા નથી, પણ ઉચ્છલમાં એફઆરએનાં કામોમાં ટીડીઓની મંજુરી વગર ચુકવણાની ગતિવિધી જોરશોરમાં છે ત્યારે આવા તમામ નાણાંકીય વહેવારોની પણ તપાસ કરવા માટે તપાસ સમિતિ નિમવામાં આવે તે જરૂરી છે.

ઉચ્છલ ટીડીઓની કૌભાંડી પ્રકરણમાં ચુપકીદી, કાંઇ બોલવા તૈયાર નથી

વ્યારા: ઉચ્છલનાં ટીડીઓ કહે છે કે હું હમણા આવી છું, ભલે ઓછો સમય થયો પણ વગર ટેન્ડરે જે કામો થયા તે નિતિનિયમ મુજબનાં છે કે કેમ? જો ખોટું થયુ હોય તો એજન્સીને નાણાં અટકાવા જોઇએ, પરંતું આ કૌભાંડી પ્રકરણમાં આડતરી રીતે ચુપકીદી સાધી લેતાં જાણે પોતે કાંઈ જાણતા જ નથી, તેમ આ મામલે કાંઇ બોલવા પણ તૈયાર નથી. સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો અંદાજીત ખર્ચની રકમ રૂપિયા ૫૦,૫૫,૦૦૦નાં બીલનું ચુકવણું કરવાનાં કામને ટીડીઓની મંજુરીનો મામલો પણ ઉજાગર થાય તેમ છે.

અંકલેશ્વર હાઇવે પર સતત ચોથા દિવસે ટ્રાફિક જામથી વાહનચાલકો અટવાયા

પ્રવીણ તેરૈયા

■ અંકલેશ્વર : અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે નંબર 48 પર ફરી ટ્રાફિકજામના કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. વાહનચાલકોએ બે કલાક કરતા વધુ સમય ટ્રાફિકમાં ઉભા રહેવું પડ્યું હતું. અંકલેશ્વર નજીક નેશનલ હાઇવે 48 પર સમયાંતરે ટ્રાફિકજામની ગંભીર પરિસ્થિતિ સર્જાય છે. ભરૂચ તરફથી સુરત તરફ જતી લેનમાં અંદાજે 5 કિમી લાંબો ટ્રાફિકજામ જોવા મળ્યો છે. હાઈવેના બિસ્માર માર્ગ અને ખાસ કરીને આમલાખાડી પરના સાંકડા બ્રિજને કારણે આ માર્ગ પર વારંવાર ટ્રાફિકજામ સર્જાય છે. આજે સતત ચોથા દિવસે પણ હાઇવે પર વાહનોની લાંબી કતાર જોવા મળી હતી. રોજ બનતી સમસ્યાને કારણે અંકલેશ્વર - દહેજ ઇન્ડસ્ટ્રિયલ બેલ્ટ અને સુરત તરફ અવરજવર કરતા વાહન ચાલકો ત્રાસી ઉઠ્યા છે.

ઓનલાઈન ગાય ખરીદવા જતાં મસાડના યુવકે રૂપિયા ૯૧,૦૦૦ ગુમાવી દીધા

બારડોલીઃ બારડોલી તાલુકાના મસાડ ગામમાં ઓનલાઈન ગાય ખરીદવાના બહાને એક વ્યક્તિ સાથે રૂપિયા ૯૧,૦૦૦ની છેતરપિંડી થઈ હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ મામલે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મસાડ ગામના રહેવાસી અને પશુપાલનનો વ્યવસાય કરતા સુનિલકુમાર છગનભાઈ પટેલ (ઉ.વ.૪૦) કડોદ સેવા સહકારી મંડળીમાં ક્લાર્ક તરીકે પણ કામ કરે છે. તેમણે બારડોલી ગ્રામ્ય પોલીસમાં આપેલી ફરિયાદ મુજબ, સુનિલકુમારે ચારેક વર્ષથી ગુજરાત ગીર ગાય નામના વોટ્સએપ ગ્રુપમાં જોડાયેલા છે. જેમાં ગાયના ફોટા અને વિડીયો આવતા હોય છે. એક દિવસ આ ગૃપમાં રોહિત ઝાંપડિયા નામના વ્યક્તિએ ફોટો અને વિડીયો મૂક્યા હતા. બે ગાયો ગમી જતાં તેમણે રોહિત સાથે ફોન પર વાત કરી ૧.૨૧ લાખ રૂપિયામાં સોદો નક્કી કર્યો હતો. આ માટે પ્રથમ ૭૦ હજાર ઓનલાઈન જમા કરવા જણાવતા સુનિલે ૭૧ હજાર રૂપિયા જમા કરવી દીધા હતા. રોહિતે ત્રણ દિવસમાં ગાય મળી જશે એવી હૈયાધરપત આપી હતી. બીજા દિવસે રોહિતે પોતે બીમાર હોવાનું જણાવી વધુ પૈસાની માગણી કરતાં સુનિલે ૨૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરી આપ્યા હતા. આમ કુલ ૯૧ હજાર રૂપિયા ચૂકવી દેવા છતાં રોહિતે ગાય મોકલી ન હતી. ફોન કરીને પૂછતાં ગાય મળી જશે એવા બહાના બનાવ્યા કરતાં હતા. પરંતુ ગાય મળી ન હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ સુનિલકુમારે તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. સુનિલકુમારની ફરિયાદના આધારે બારડોલી રૂરલ પોલીસે રોહિત ઝાંપડિયા નામના ઈસમ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર પી.એન. જાડેજા કરી રહ્યા છે.

સુમુલ ડેરીની સામાન્ય ચૂંટણી નજીક આવી રહી છે તેમ-તેમ જુથવાદની લડાઈ પણ ચરમસીમાએ પહોંચી છે

બારડોલીની દૂધ મંડળીમાં કસ્ટોડિયનની નિમણૂક

વ્યવસ્થાપક સમિતિનો એક પણ સભ્ય દૂધ ભરતો નહીં હોવાથી જિલ્લા રજીસ્ટ્રારે વ્યવસ્થાપક કમિટીને દૂર કરી

બારડોલી : બારડોલીના વ્હોરવાડ ખાતે આવેલી બારડોલી વિભાગ દૂધ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડમાં જિલ્લા રજીસ્ટ્રકારી મંડળીઓ દ્વારા કસ્ટોડિયનની નિમણૂક કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. મંડળીના વ્યવસ્થાપક સમિતિના કોઈ પણ સભ્ય દૂધ ભરતા ન હોવાથી જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા વ્યવસ્થાપક કમિટીને દૂર કરી કસ્ટોડિયન તરીકે સુરત-તાપી જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ(સુમુલ) ની નિમણૂક કરવામાં આવી છે.

સુમુલ ડેરીની સામાન્ય ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ જુથવાદની લડાઈ પણ ચરમસીમાએ પહોંચી છે. રાજેશ પાઠક અને માનસિંહ પટેલ બંને જૂથો એક બીજાને પાડી દેવામાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે સુરત અને તાપી જિલ્લાની કેટલીક મંડળીઓ નિયમો વિરુદ્ધ ચાલતી હોય તો તેની સામે કસ્ટોડિયન નિમણૂક કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. બારડોલી શહેરના વ્હોરવાડ ખાતે આવેલી બારડોલી વિભાગ દૂધ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લિ.માં પણ કસ્ટોડિયન નિમણૂક કરવા માટેનો આદેશ જિલ્લા રજીસ્ટ્રારે આપ્યો છે. આદેશમાં જણાવ્યા અનુસાર મંડળીનું 1/4/2024થી 31/3/2025 સુધીના ઓડિટ દરમ્યાન કેટલીક ક્ષતિઓ જણાઈ આવી હતી. જેમાં વ્યવસ્થાક સમિતિના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી સહિતના કોઈ પણ સભ્યો દૂધ ભરતા નથી. મંડળીના વ્યવહારો મેન્યુઅલ પદ્ધતિથી લખવામાં આવે છે, નાણાકીય વ્યવહારો કેસલેશ સિસ્ટમથી થતાં નથી, તેમજ મંડળીનો વ્યવસાય શાકભાજી અને દૂધનો હોવો જોઈએ તેને બદલે અંકુશીત સરકારી માલ ખરીદ વેચાણની પ્રવૃત્તિ કરવામાં આવે છે. અન્ય કેટલીક ક્ષતિઓ પણ જણાવી આવી હતી. જેમાં 2021 થી 2024 સુધીના ઓડિટ નોંધમાં જણાવેલી ખામી દૂર કરવામાં આવી નથી. નફાની વહેંચણી, અનામતનો અમલ તેમજ દૂધ ભરવા બાબતના નિયમનું પાલન થતું ન હોય જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા આગામી 6 માસ માટે સહકારી કાયદાની કલમ 74 ડી હેઠળ શરતોને આધીન સુમુલ ડેરીની કસ્ટોડિયન તરીકે નિમણૂકનો આદેશ કર્યો હતો.

નવાગામમાં બ્રાન્ડેડ કંપનીના ડુપ્લિકેટ શેમ્પુ વેચતા એક ઈસમ પકડાયો

ડુપ્લિકેટ શેમ્પુ બનાવી ઓનલાઈન વેચાણ કરતા ઈસમને પકડી રૂપિયા 49,76,815 શેમ્પુનો મુદામાલ કબજે કરાયો

કામરેજ : નવાગામમાં બ્રાન્ડેડ કંપનીના ડુપ્લિકેટ શેમ્પુ બનાવી ઓનલાઈન વેચાણ કરતા ઈસમને પોલીસે પકડી પાડી રૂપિયા 49,76,815 શેમ્પુનો મુદામાલ કબજે કર્યો હતો.

મુંબઈ મલાડ વેસ્ટમાં પલ સોસાયટીમાં રહીને ધ લેજીસ્ટ કંપનીમાં ફિલ્ડ ઓફિસર અને રીપ્રેઝન્ટેટીવ ઓફિસર તરીકે દિપક બાબુ પટેલ નોકરી કરે છે. અને પી એન્ડ જી કંપનીના હેડ એન્ડ શોલ્ડર શેમ્પુના માર્કા વાળા મોટી બોટલો સુરત જિલ્લાના કામરેજ તાલુકાના નવાગામ ખાતે આવેલી નવકાર ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-1 માં ડુપ્લિકેટ શેમ્પુ એક લીટરવાળી બોટલમાં સ્ટીકર મારી પેક કરી ઓનલાઈન ફ્લીપ કાર્ડ તેમજ રીટેલ, હોલસેલમાં વેચાણ કરતાં હોવાની માહિતી મળતા કામરેજ પોલીસ સાથે રેડ કરતાં ત્રીજા માળ પર આવેલા કારખાનામાં હેડ એન્ડ સોલડર અને પેન્ટીનની એક લીટર વાળી કુલ્લે 4115 નંગ બોટલ કિંમત રૂ.49,33,865 ભરેલી મળી આવી હતી. કારખાનામાંથી અલગ અલગ સ્ટીકરો, ખાલી બોટલો, પુઠા બોક્ષ સહિતનો મુદામાલ ઝડપાયો હતો. કારખાનામાં મુકુંદ હરસુખ માવાણી (ઉ.વ.23,હાલ રહે.મકાન નંબર 2, આર.આર.રો હાઉસ, લસકાણા, મુળ રહે. બોટાદ)ને પકડી પુછપરછ કરતાં છેલ્લા એક માસથી ચલાવતો હોવાનું જણાવતા કામરેજ પોલીસે કોપીરાઈટ અને બીએનસનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વધુમાં પકડાયેલો ઈસમ એક વર્ષ અગાઉ સીમાડા નાકા પાસે અલગ અલગ લુઝ મટીરીયલ પેક કરી શેમ્પુ બનાવીને ફ્લિપકાર્ટ પર વેચતા માલ ડુપ્લિકેટ હોવાથી માલ પરત આવતો હતો.

બેચ નંબર અને મેન્યુફેક્ચર તારીખ લખી ન હતી

હેડ એન્ડ સોલ્ડર અને પેન્ટીનના શેમ્પુની બોટલમાં સિમ્બોલ અને લોગો ઉપસેલા હોઈ છે પરંતુ આ બોટલમાં ઉપસેલા ન હતા. તેમજ બેચ નંબર અને મેન્યુફેક્ચર તારીખ પણ લખી ન હતી. બોટલ પર લગાવેલા બારકોટ સ્કેન કરતાં ખોટી કંની અને ખોટી કિંમત હોવાથી ડુપ્લિકેટ હોવાનું માલુમ પડે છે.

જાહેરનામું
ગુજરાત સરકાર
મહેસુલ, વિભાગ
સચિવાલય, ગાંધીનગર
(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો)

જિલ્લોઃ સુરત — તા. 30 MAY 2025
ક્રમાંકઃ અમ-મ-૨૦૨૫-૩૪૫-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ

આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેકશન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત (જેનો આમાં હવે પછી જાહેર હેતુની યોજના એમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) માટે જરૂર પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

૧. હવે જ્યારે, ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધ થયેલ મહેસુલ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૩૩૨-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ તા.૨૪/૦૭/૨૦૨૪ થી, ગુજરાત સરકારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૦એ [(જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર (ગુજરાત સુધારો) અધિનિયમ, ૨૦૧૬) (૨૦૧૬ ના ગુજરાત અધિનિયમ નં-૧૨ ની કલમ-૩ થી દાખલ કરેલ)] થી મળેલ અધિકારો અન્વયે, રાજ્ય સરકારે, જાહેર હિતમાં "કન્સ્ટ્રકશન ઓફ આર.યુ.બી. વિથ એપ્રોચ ઇન લીયુ ઓફ એલ.સી. નં. ૫ એટ રેલ્વે કી.મી. ૪/૨-૩ બીટવીન ઉધના-ચલથાણ ઓફ ઉધના જલગાઉ સેકશન ઓફ વેસ્ટર્ન રેલ્વે મુંબઈ ડીવીઝન ઓન નાનાવરાછા-કુંભારીયા-દેવધ-દખ્ખણવાડા-સણીયાકણદે રોડ(૧/૧૮ ટુ ૧૨/૪૦) ઇન ગુજરાત' માટે સંપાદન કરવાની નીચે જણાવેલ અનુસૂચિત ક્ષેત્રફળની જમીનને, "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઇઓની અમલવારીમાંથી મુક્તિ આપેલ છે, અને

૨. હવે જ્યારે, રાજ્ય સરકારે, "સદરહું અધિનિયમ"ની કલમ-૪૩ની પેટા કલમ-(૧)થી મળેલ અધિકારોની રૂએ જાહેરનામા ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતને ઉલ્લેખિત આંતરમાળખાકીય પ્રોજેક્ટના બાંધકામ માટેની અનુસૂચિત વિસ્તારના જમીનના સંપાદનના સંબંધમાં પુનઃસ્થાપન અને પુનઃવસનના વહીવટદાર તરીકે નિમણૂક કરેલ છે, અને

3. હવે જ્યારે જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩) (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ-૧૧ ની પેટા કલમ-(૧) થી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકારે જાહેરનામા ક્રમાંકઃ ક્રમાંકઃ અમ-મ-૨૦૨૪-૬૨૬-જસત-૧૨૨૦૨૪-૮૦૯-ઘ, તા.૧૫/૧૦/૨૦૨૪ થી ઉક્ત જમીનો, ઉપરોક્ત સાર્વજનિક હેતુ માટે જરૂરી છે, તેમ જાહેર કરેલ છે, અને

૪. હવે જ્યારે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૫ ની પેટા કલમ- ૨ નીચેના જિલ્લા કલેકટર, સુરતના અહેવાલને વિચારણામાં લીધા બાદ, રાજ્ય સરકારને એવો સંતોષ થયેલ છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે, અને

૫. તેથી હવે, "સદરહુ અધિનિયમ" ની કલમ- ૧૯(૧) થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર કરે છે કે, સદરહુ અનુસૂચિત જમીનો સદરહુ "જાહેર હેતુની યોજના" માટે જરૂરી છે.

૬. ગુજરાત સરકાર, "સદરહુ અધિનિયમ"ની કલમ- ૩(જ) થી મળેલ સત્તા અન્વયે, ઉક્ત જમીનોના સંબંધમાં, "સદરહુ અધિનિયમ" નીચે હવે પછી કલેકટર તરીકે કરવાના તમામ કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, સુરતની નિમણૂક કરે છે.

૭. સદરહુ અનુસૂચિત જમીનોના નકશા, ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, શાખા નં. ૪, બહુમાળી મકાન, નાનપુરા, સુરતની કચેરી ખાતે તપાસી શકશે.

અનુસુચિ

જિલ્લોઃ સુરત — તાલુકોઃ ચોર્યાસી — મોજે. દેલાડવા

અ.નં.	સર્વે નંબર/બ્લોક નંબર	ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.)
૧	પર	૦૦-૦૦-૭૦
	કુલ	૦૦-૦૦-૭૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
(પ્રેરક જે. પટેલ)
સરકારના નાયબ સચિવ
ક્રમાંક : માહિતી-સૂરત/૬૧૯/૨૦૨૫

માંડવીના તરસાડામાં હાઈટેન્શન લાઈનના વાયરની ચોરી

હાઈટેન્શનના 12 થાંભલા ઉપરના ત્રણ કિ.મી સુધીના વાયરની ચોરીથી ખેડૂતો મુશ્કેલીમાં

હિતેશ પટેલ

માંડવી : માંડવી તાલુકાના તરસાડા-રતનિયાને જોડતો રસ્તો કાકરાપાર ડાબા કાંઠા નહેર ઉપર ખેતીવાડી હાઈ ટેન્શન લાઈનના 12 થાંભલા પરના વાયરની તસ્કરો ચોરી જતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ તરસાડા-રતનિયા ગામના ખેડૂતોના ખેતરો કાકરાપાર ડાબા કાંઠા નહેર ઉપર આવેલા છે. જે ખેડૂતો ડાંગર શાકભાજી અને શેરડી પર નિર્ભર છે. માંડવી DGVCL દ્વારા 100થી વધુ ખેતીવાડી વીજ કનેક્શન અને 50થી વધુ ટીસી મુકવામાં આવી છે. આ ગામના ખેડૂતો પોતાના ખેતરે સવારે જતાં રોડની સાઈડ પરથી પસાર થતી ખેતીવાડી હાઈ ટેન્શન વીજ થાંભલા ઉપરના વાયરો ગાયબ થતાં અન્ય ખેડૂતો ભેગા મળી માંડવી જીઈબીને તાત્કાલિક કરી હતી. અને વીજ કર્મચારીઓ સ્થળ પર આવીને જોતા 12 થાંભલા પરના વાયરની ચોરી થઈ હોવાનું માલમ પડ્યું હતું.

આ હાઈ ટેન્શન થાંભલા પરના 3 કિ.મી સુધીના વાયર તસ્કરો દ્વારા ચોરી કરી જતાં અંદાજિત રૂપિયા 4 લાખનું નુકસાન થવા પામ્યું હતું. જે બાબતે માંડવી DGVCL દ્વારા વાયરની ચોરીની અરજી આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે, કે આજે મોટી સંખ્યામાં ખેડૂતો એકત્ર થતાં જણાવ્યું હતું કે ટૂંક સમયમાં ડાંગર, શાકભાજી તથા શેરડીનું વાવેતર માટે પાણીની જરૂરિયાત ઉભી થશે.

જેથી વહેલી તકે માંડવી DGVCL દ્વારા થાંભલા પરના વાયરની કામગીરી કરવામાં આવે તેવી ખેડૂતો માંગ કરી રહ્યા છે.

ભાજપના નેતાઓની હત્યામાં ભરૂચના આરોપી યુનુસ માંજરાનું મકાન ટાંચમાં

વર્ષ 2015 માં દાઉદ ઇબ્રાહિમના સાગરીત જાવેદ ચીકનાએ હિન્દુ નેતાઓની હત્યા માટે સોપારી આપી હતી

અમદાવાદ NIA વિશેષ કોર્ટના આદેશથી ભરૂચમાં આરોપીની મિલકત સીલ કરી

ભરૂચ : ભરૂચના RSS નેતા જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ શિરીષ બંગાળી અને પ્રજ્ઞેશ મિસ્ત્રી ડબલ મર્ડર કેસમાં શુક્રવારે NIA ની ટીમે ભરૂચ આવી પહોચીને આરોપી યુનુસ માંજરાની મિલકત ટાંચમાં લઈ સીલ કરવાની ઘટના સામે આવી છે.

ભરૂચ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ શિરિષ બંગાળી અને ભાજપ યુવા મોરચાના મહામંત્રી પ્રજ્ઞેશ મિસ્ત્રીની બેવડી હત્યા અંડરવર્લ્ડના ઇશારે વર્ષ-2015માં થતા સૌ સ્તબ્ધ થઇ ગયા હતા.

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના સાગરીત જાવેદ ચીકનાએ ભરૂચના RSS, ભાજપના બે હિન્દુ નેતાની રૂપિયા 50 લાખમાં સોપારી આપી હતી. ચકચારી ડબલ મર્ડરમાં NIA એ 11 આરોપીની જે તે સમયે હથિયારો સાથે ધરપકડ કરી હતી. જ્યારે હજી પણ એક આરોપી વોન્ટેડ છે. જ્યારે એક આરોપીનું મોત થયું હતું.

ભરૂચમાં વર્ષ-2015માં ભાજપના નેતા શિરીષ બંગાળી અને પ્રજ્ઞેશ મિસ્ત્રીની થયેલી હત્યાના ચકચારી ડબલ મર્ડર કેસમાં નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં આરોપી એવા યુનુસ શેખની શહેરના સોનેરી મહેલ વિસ્તારમાં આવેલી મિલકત સીલ કરી દેવામાં આવી છે.

અમદાવાદ NIA વિશેષ કોર્ટના આદેશથી આ કાર્યવાહી કરવામાં આવી હતી. NIA ની ટીમના ભરૂચમાં ધામા નાખ્યા હતા.

ભરૂચ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ શિરીષ બંગાળી અને યુવા મોરચાના મહામંત્રી પ્રજ્ઞેશ મિસ્ત્રીની તા-2જી નવેમ્બર 2015 ના રોજ સેવાશ્રમ રોડ પર આવેલ સુર્યા પ્રિન્ટીંગ પ્રેસમાં ગોળી મારી નિર્મમ હત્યા કરી દીધી હતી.

પોલીસની તપાસમાં દાઉદ ઇબ્રાહીમના સાગરિત જાવેદ ચીકનાએ હિંદુ નેતાઓની હત્યા માટે 50 લાખની સોપારી આપી હોવાનો ખુલાસો થયો હતો. ભરૂચમાંથી 4 હિંદુ નેતાઓના નામ નક્કી કરવામા આવ્યાં બાદ સુરત અને ભરૂચમાં સક્રિય બનેલાં અંધારી આલમના મોડયુલે બંને ભાજપના નેતાઓની હત્યા કરી હતી. જેમાં NIA દ્વારા 11 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં હજી એક વોન્ટેડ છે. જ્યારે એકનું મૃત્યુ થયું હતું.

માંડવીના ગામતળાવ ખુર્દમાં બાઈક વૃક્ષ સાથે ભટકાતા ચાલકનું મોત

માંડવી : માંડવી-ઝંખવાવ રોડ પર આવેલા લુહારવડ ગામના નિશાળ ફળિયામાં રહેતા મેહુલ ચૌધરીએ બાઈક નં-GJ-19-BL-6762 પુરઝડપે હંકારતા ગામતળાવ ખુર્દ ગામની સીમમાં વૃક્ષ સાથે અથડાતાં ગંભીર ઈજા થતાં બેભાન થયો હતો. અને સ્થાનિકોએ 108 એમ્બ્યુલન્સમાં માંડવી રેફરલ